**ABE-1128-29** Seat No.________

# First Year B. A. (Sem. I) Examination

## November / December - 2016

## Gujarati : CE - 101

**૧. પદ્યકૃતિનો અભ્યાસ : ''ઓખાહરણ'' (Old Course)**

**૨. પદ્યકૃતિનો અભ્યાસ : ''મધ્યકાલીન'' (New Course)**

Time : **3** Hours] [Total Marks : **70**

## ૧. પદ્યકૃતિનો અભ્યાસ : ''ઓખાહરણ'' (Old Course)

સૂચના : જમણી બાજુના આંકડા જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ મધ્યકાળના રાસ-રાસો અને આખ્યાનનો પ્રાથમિક પરિચય કરાવો. ૧૪

**અથવા**

૧ છંદ વિશે સમજ આપી શિખરિણી, મંદાક્રાન્તા અને પૃથ્વી છંદ ઉદાહરણ સહિત સમજાવો.

૨ ઓખાહરણ નું આખ્યાન કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ આખ્યાન સ્વરૂપનો ઉદ્‌ભવ અને વિકાસ નોંધો.

૩ પ્રેમાનંદનું સાહિત્યપ્રદાન નોંધો. ૧૪

**અથવા**

૩ ઓખાહરણના આધારે પ્રેમાનંદની સર્જનાત્મક વિશેષતાઓ તથા મર્યાદાઓ ચર્ચો.

૪ ટૂંકનોંધ લખો. (ગમે તે બે) ૧૪

(૧) ઓખાહરણ શીર્ષક

(૨) ઓખા

(૩) બાણાસુરનું પાત્રાલેખન

(૪) ઓખાહરણની ભાષા શૈલી.

૫ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. ૧૪

(૧) બાણાસુર કયા રાજયનો રાજા છે ?

(૨) ઓખાહરણમાં મુખ્યત્વે કયા કયા રસનું નિરૂપણ થયું છે ?

(૩) જયાં સુધી ગુજરાતી ભાષા અન્ય ભાષા સમોવડી ન બને ત્યાં સુધી પાઘડી નહિ પહેરવાની પ્રતિજ્ઞા કયા કવિએ લીધી છે ?

(૪) હરિગીત છંદનું બંધારણ આપી ઉદાહરણરૂપ એક પંક્તિ નોંધો.

(૫) ઓખાહરણ આખ્યાનમાં કડવાંની સંખ્યા કેટલી છે ?

(૬) અનિરુદ્ધનું હરણ કોણ કરે છે ?

(૭) ઓખાહરણના સંપાદક કોણ છે ?

(૮) કડવા બદ્ધ આખ્યાનનો સૌ પ્રથમ પુરસ્કર્તા કોણ છે ?

(૯) તભજજગાગા બંધારણ ધરાવતા છંદનું નામ આપી, તેનો પ્રકાર કહો.

(૧૦) સાસુ સસરો રીસ કરે તો સામો ઉત્તર ના દીજીએ - આ વાકય કોણ બોલે છે ?

(૧૧) બાણાસુરની માતાનું નામ શું હતું ?

(૧૨) પ્રેમાનંદની કોઈપણ ચાર આખ્યાન કૃતિઓનાં નામ જણાવો.

## ૨. પદ્યકૃતિનો અભ્યાસ : ''મધ્યકાલીન'' (New Course)

૧ (અ) મધ્યકાળનાં મુખ્ય પદ્યપ્રકારોમાંનાં આખ્યાન ૭

અથવા

પદ્યવાર્તા સાહિત્ય સ્વરૂપનો પરિચય આપો

(બ) મીરાંબાઈનાં અથવા દયારામના કવનનો પરિચય આપો ૭

૨ રસલક્ષી સમીક્ષા કરો (ગમે તે એક) ૧૪

(૧) વારી જાઉ રે, સુંદરશ્યામ !

(૨) રામ રાખે તેમ રહીએ

(૩) મારામાં શું દીઠું ?

૩ ટૂંકનોંધ લખો (ગમે તે બે) ૧૪

(૧) પાઠયકૃતિનાં પદોમાં ભક્તિમહિમાનાં પદો

(૨) મીરાં અને દયારામનાં પદોમાં કૃષ્ણપ્રેમ

(૩) ગોપીની વિરહવેદનાનાં પદો

(૪) છપ્પામાં અખાની વાણી

૪ નીચેના છંદોમાંથી કોઈ પણ ચાર ઉદાહરણ સહિત સમજાવો. ૧૪

| | | |
|---|---|---|
| (૧) ચોપાઈ | (૨) હરિગીત | (૩) પૃથ્વી |
| (૪) અનુષ્ટુપ | (૫) વસંતતિલકા | (૬) શિખરિણી |

૫ કોઈ પણ સાતનો ટૂંકમાં જવાબ આપો. ૧૪

(૧) પદ્યવાર્તાની વ્યાખ્યા આપો.

(૨) રાસ-રાસોની વ્યાખ્યા આપો.

(૩) નરસિંહ મહેતાનાં જીવન વિશેની એક દંતકથા લખો.

(૪) જળકમળ કૃતિમાં કયો પ્રસંગ નિરૂપાયેલો છે ?

(૫) આખ્યાનને કયાં ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(૬) ''રામ રાખે તેમ રહીએ'' ....આ પદમાં મીરાં શું કહે છે ?

(૭) કડવાનાં મધ્ય ભાગને શું કહેવામાં આવે છે ? તેમાં શેનું આલેખન કરવામાં આવે છે ?

(૮) ''તું મુજને અડતા શ્યામ થઈશ તો
હું કયમ નહીં થાઉં ગોરો ?
ફરી મળતાં રંગ અદલા બદલી
મુજ મોરો તુજ તોરો''
આમ કોણ કોને કહે છે ?

(૯) છંદનાં કેટલાં પ્રકાર છે ? કયા કયા ?

(૧૦) પ્રિયે તુજ લટે ધરું ધવલ સ્વચ્છ મોગરો.
ઉપરોકત પંક્તિનો છંદ જણાવી તેનું બંધારણ લખો.

(૧૧) પાઠયકૃતિમાંથી મીરાંનાં કોઈ પણ પદની બે પંક્તિ લખો.

(૧૨) ઝૂલણા છંદમાં રચાયેલી એક પંક્તિ આપો.

---